


# રાજ્યમાં બ્રહ્મ સમાજને ૧૮ બેઠકો ફાળવવા ભાજપમાં ઉગ્ર રજૂઆત

## સિધ્ધપુરમાં જયનારાયણ વ્યાસ, ભાવનગરમાં મહેન્દ્ર ત્રિવેદી, લુણાવાડામાં મનોજ જોષી સહિત ૧૮ બ્રાહ્મણ આગેવાનોને ટિકીટ આપવા રજૂઆત

ગાંધીનગર, તા. ૬

વિધાનસભાની ચૂંટણીનાં દિવસો જેમ જેમ નજીક આવતા જાય છે. તેમ-તેમ ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા ઝડપી બનતી જાય છે. સમગ્ર રાજ્યમાં પટેલોની કેટલી બેઠક, ઠાકોરોની કેટલી બેઠક, ક્ષત્રિયોની કેટલી બેઠક ફાળવાશે તેનો વિવાદ બંને પક્ષોમાં છે ત્યારે બ્રહ્મ સમાજના આગેવાનોએ ભારતીય જનતા પક્ષ પાસેથી ઓછામાં ઓછી ૧૫ થી ૧૮ બેઠકો બ્રાહ્મણ ઉમેદવારોને ફાળવવા તીવ્ર માંગણી કરી છે. રાજ્યમાં ૩૨ બેઠકો ઉપર બ્રાહ્મણ મતો નિર્ણાયક ભૂમિકામાં છે. આમ છતાં દર ચૂંટણીમાં બ્રાહ્મણોને અન્યાય થાય છે. આ વખતે તમામ બ્રાહ્મણ સંગઠનોએ એક થઇ ભાજપ પાસે ઉગ્ર રજૂઆત કરી છે. બ્રહ્મસમાજ અને ભારતીય જનતા પાર્ટીના બંને સંગઠનોમાં સતત સક્રિય રહેતા અને કડીરૂપ ભૂમિકા અદા કરતાં શ્રી મનોજભાઇ જોષી લુણાવાડા, ગાંધીનગરની બેઠક ફાળવવા અસરકારક રજૂઆત કરાઇ છે.

ગુજરાતની રચના પછી વિધાનસભાની ૧૪ ચૂંટણીઓમાંથી ૧૨ ચૂંટણીઓમાં લુણાવાડાની બેઠકમાંથી બ્રાહ્મણ ઉમેદવાર વિજયી બન્યો છે. મનોજ જોષી છેલ્લા કેટલા સમયથી ભાજપના સંગઠનમાં સતત ઓતપ્રોત છે. ઉપરાંત અસંખ્ય સમયે ડેમેજ કંટ્રોલ માટે પણ મનોજ જોષીએ અસરકારક ભૂમિકા અદા કરીએ છે. ભાજપના, પ્રદેશના, સંગઠનના અધિકારીઓ પણ ઊંડે ઊંડે માને છે કે મનોજ જોષીની દોડાદોડીનો બદલો આપવાનો સમય પાકી ગયો છે.

રાજ્યભરમાં બ્રહ્મ સમાજમાંથી સર્વશ્રી જયનારાયણ વ્યાસ (સિધ્ધપુર), ગણપતભાઇ જોષી (પાલનપુર), શ્રી ભૂષણભાઇ ભટ્ટ (ખાડીયા), શિરીષશુક્લ (ખંભાત), મહેન્દ્રભાઇ ત્રિવેદી (ભાવનગર), વસુબેન ત્રિવેદી (જામનગર), નિતીન ભારદ્વાજ (રાજકોટ), બિપીનભાઇ દવે (વઢવાણ), પપ્પુભાઇ પાઠક (બાલાસિનોર), મનોજભાઇ જોષી (લુણાવાડા), તરૂણભાઇ શુક્લ (સૂરત), મફતભાઇ પુરોહિત (ધાનેરા), આ ઉપરાંત વેજલપુરા, શિહોર, ભરૂચ, સૂરત, તળાજા, માલપુર અને ગાંધીનગર, મણીનગરમાં બેઠકો ઉપર બ્રાહ્મણોના મત ખુબ જ નિર્ણાયક છે.

વિધાનસભાની ચૂંટણીમાં દરેક જ્ઞાતિને પોતાની જ્ઞાતિની વજન-ભાર પ્રમાણે ટિકીટોની ફાળવણી થાય છે. ત્યારે દિન-પ્રતિદિન બ્રહ્મસમાજનું ઘટતું જતું પ્રતિનિધિત્વ ચિંતાજનક સ્થિતિએ પહોંચ્યું છે. ત્યારે તમામ મતભેદો ભૂલીને બ્રાહ્મણ સૌ એક ના સૂત્રને ચરિતાર્થ કરવા બ્રહ્મસમાજે બંને રાજકીય પક્ષોમાં નોંધપાત્ર બેઠક મેળવવા પ્રયાસ આદર્યો છે. બ્રહ્મસમાજના તમામ આગેવાનો તાલુકા કક્ષાથી લઇ રાજ્યકક્ષા સુધી બ્રાહ્મણોનાં અસરકારક પ્રતિનિધિત્વ માટે ભારે જહેમત ઉઠાવે છે.



ગુજરાત વિધાનસભાની તા. ૧૭ ડિસેમ્બર-૨૦૧૨ દરમ્યાન યોજાનાર ચૂંટણીને અનુલક્ષીને ગાંધીનગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય તે માટે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. આ ચૂંટણીને અનુલક્ષીને આજરોજ વિધાનસભા બેઠકના ચૂંટણી અધિકારીશ્રીઓને મતદાન માટે ઉપયીગોમાં લેવાનાર ઈલેક્ટ્રોનિક વોટિંગ મશિન-ઈવી.એમ.નું કોમ્પ્યુટારીઝડ રેન્ડમાઈઝેશન અનુસાર વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ચૂંટણીને અનુલક્ષીને મતદાન માટે ઉપયોગમાં લેવાનાર ઈલેક્ટ્રોનિક વોટિંગ મશિન-ઇ.વી.એમ.નું ઝીરો અને ફર્સ્ટ કોમ્પ્યુટરાઇઝડ રેન્ડમાઉઝેશન જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપ અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં જિલ્લા સેવા સદન ખાતે કરવામાં આવ્યું હતું. ગઇકાલે કરાયેલ ફર્સ્ટ કોમ્પ્યુટરાઇઝડ રેન્ડમાઇઝેશનના ઈવીએમ મશીનનું ફિઝીકલ રીતે પાંચ વિધાનસભા બેઠકના ચૂંટણી અધિકારીશ્રીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. આ તમામ ઈવીએમ મશીન જે તે વિધાનસભા વિસ્તારમાં કડક પોલીસ બંદોબસ્ત હેઠળ રાખવામાં આવશે. દરેક વિધાનસભા બેઠકમાં ફાળવાયેલા ઈવીએમ મશીનમાંથી ૨૦ ટકા ઈવીએમ મશીન રીઝર્વ રાખવામાં આવશે.

ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન-ઈવીએમની વિતરણ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. આ વિતરણ દરમ્યાન નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઇ.આર. મનસુરી, કલોલ બેઠકના ચૂંટણી અધિકારી શ્રી હિમાંશુભાઈ પટેલ, દહેગામ બેઠકના ચૂંટણી અધિકારીશ્રી સંજયભાઈ જોષી, માણસા બેઠકના ચૂંટણી અધિકારી શ્રી ગુણવંતસિંહ સોલંકી, ગાંધીનગર (ઉત્તર) બેઠકના ચૂંટણી અધિકારી શ્રી પ્રકાશભાઈ મકવાણા અને ગાંધીનગર (દક્ષિણ) બેઠકના ચૂંટણી અધિકારી શ્રી જે.વી. દવે ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

### મતદારો સુધી પહોંચવાના તમામ પ્રયાસ

# ભાજપ-કોંગ્રેસ દ્વારા બૂથ સ્તરની નવી વ્યૂહરચના તૈયાર કરવામાં આવી

## ૨૦૦૭ વિધાનસભાની ચૂંટણીમાં ૧૦ બેઠકો ઉપર જીત માટે અંતર ૧૦૦૦ મત કરતા પણ ઓછું રહેતા યોજના બૂથ સ્તરે લડાઈ...

અમદાવાદ,તા. ૬

અમદાવાદ જિલ્લામાં મતદાન મથકોની સંખ્યાની દષ્ટિએ પાંચ વિસ્તારો ટોચ ઉપર છે જ્યાં મતદારો અને મતદાન મથકોની સંખ્યા ખૂબ વધારે છે. આંકડા નીચે મુજબ છે.

| મત વિસ્તાર | મતદારોની સંખ્યા | મતદાન મથક સંખ્યા |
|---|---|---|
| ઘાટલોડિયા | ૨૮૦૯૪૩ | ૩૦૯ |
| વિરમગામ | ૨૩૯૬૦૩ | ૩૦૭ |
| વેજલપુર | ૨૬૯૪૪૯ | ૨૯૦ |
| દસ્ક્રોઈ | ૨૩૯૧૧૫ | ૨૮૩ |
| સાણંદ | ૨૦૫૭૩૧ | ૨૫૫ |

અમદાવાદ,તા. ૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણી વધુ નજીક આવતા ગુજરાતમાં બે મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસે પોતપોતાના વર્કરોને સાવધાન કરી દીધા છે. મતદાન મથક સ્તરમાં વર્કરોને તમામ પ્રકારની માહિતી આપીને તમામ મતદારો સુધી પહોંચવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા માઈક્રો મેનેજની કવાયત હાથ ધરવામાં આવી છે. બૂથ સ્તર સુધીની વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં મતદાન મથકોની દષ્ટિએ ટોચના પાંચ વિસ્તારોમાં ઘાટલોડિયા, વિરમગામ, વેજલપુર, દસ્ક્રોઈ અને સાણંદનો સમાવેશ થાય છે. ઘાટલોડિયામાં ૩૦૯ મતદાન મથકો છે. ૨૦૦૭ની ચૂંટણીમાં ઓછામાં ઓછી ૧૦ બેઠકો એવી હતી જ્યાં જીતનું અંતર એક હજાર મત કરતા પણ ઓછો હતો. આનો મતલબ એ થયો કે દરેક મતદાન મથક ઉપર થોડાક મતદારો પરિણામ બદલી શકે છે. રાજ્યમાં બે સીટો ઉપર ૧૦૦ કરતા પણ ઓછા મતે મતદારો જીત્યા હતા.

આ વખતે બંને પક્ષો બુથ મેનેજમેન્ટ કમીટી બનાવીને આગળ વધી રહી છે. બુથ કમીટિની સમીક્ષા પણ બંને પક્ષો દ્વારા કરવામાં આવી ચૂકી છે. કોંગ્રેસે વ્યૂથ કોંગ્રેસ મારફતે કવાયત હાથ ધરી છે. બુથ સ્તરની સમીતિઓની રચના પણ કરવામાં આવી ચૂકી છે. દરેક બુથ માટે કોંગ્રેસ દ્વારા હોદેદારો અને પ્રમુખની નિમણૂક કરવામાં આવી છે.

યૂથ કોંગ્રેસના ઘણા હોદેદારો તેમના મત વિસ્તારમાં મતદાન માટે જવાબદાર રહેશે. આ પક્ષોએ વર્કરોને ઘણી બધી રાહતો પણ આપી છે. જ્યાં ઊંચું મતદાન થશે ત્યાં ઈનામ પણ આપવામાં આવશે. કોંગ્રેસે માણસામાં પેટા ચૂંટણી દરમિયાન આવી જ વ્યૂહરચના અપનાવી હતી. કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ કહ્યું છે કે આ વખતે પણ અમે આવી જ નીતી સાથે આગળ વધીશું. તમામ ૧૮૨ વિધાનસભા બેઠક માટે આ વ્યૂહરચના તૈયાર કરવામાં આવી રહી છે. આ જ બાબતને ધ્યાનમાં લઈને કોંગ્રેસે ૧૦મી નવેમ્બર સુધી રાજ્યના તમામ મતવિસ્તારોને આવરી લેવા ૧૧ ટ્રેનીંગ ટીમો ફેલાવવાનો નિર્ણય કર્યો છે. પક્ષના જે નેતાઓ આ પ્રક્રિયામાં સામેલ છે તે લોકોનું કહેવું છે કે દરરોજ તેની કવાયત ચાલી રહી છે. બુથ ઈન્ચાર્જને મુખ્ય વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. બીજી બાજુ ભાજપે પણ બુથ લેવલ મેનેજમેન્ટ માટે બહુપાંખિય વ્યૂહરચના અપનાવી છે. ટિફીન બેથક છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહી છે. રાજ્યથી લઈને જિલ્લા સ્તર સુધી અને મતદાન મથક સુધી આ મિટીંગ ચાલી રહી છે. વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરો ચર્ચા માટે મળે છે અને લંચ લેતા હોય છે. પક્ષના પ્રવક્તા જગદીશ ભાવસારે આ મુજબની માહિતી આપી છે.

### વ્યૂહરચનાની સાથે સાથે...

- ૨૦૦૭ની ચૂંટણીમાં ૧૦ બેઠકો પર જીત માટે અંતર ૧૦૦૦ મત કરતા ઓછું રહેતા નવી ગણતરી
- બુથ લેવલ પર ભાજપ-કોંગ્રેસની વ્યૂહરચના
- મતદાન મથકો પર થોડાક મત પરિણામ બદલી શકે તે બાબતની નોંધ લેવામાં આવી
- ૨૦૦૭માં રાજ્યમાં બે બેઠકો પર જીત માટેનું અંતર ૧૦૦ મત કરતા ઓછું રહ્યું હતું
- ભાજપ દ્વારા બૂથ કમીટિની રચના કરાઈ
- કોંગ્રેસે દરેક બુથ માટે પ્રમુખ અને હોંદેદારોની નિમણૂક કરી
- બૂથ કોંગ્રેસના ઘણા હોદેદારો મત વિસ્તારમાં મતદાન માટે જવાબદાર રહેશે
- ઊંચા મતદાન માટેના વિસ્તારમાં વર્કરોને ઈનામ પણ અપાશે

# યોગબાબા સામે કોંગ્રેસે ચૂંટણી પંચને આચારસંહિતાના ભંગની ફરિયાદ કરી

## પંચના ઉપસચિવ મોદીને પગે લાગતા આચારસંહિતાના ભંગની રજુઆત : કાનૂની કાર્યવાહી કરવા કોંગીની માંગ

અમદાવાદ, તા. ૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચારસંહિતા અમલમાં છે ત્યારે ચૂંટણીપંચમાં ગુજરાત ખાતે જવાબદારી સંભાળતા એક ઉપસચિવ અને ધાર્મિક સત્સંગના નામે એક પક્ષનો પ્રચાર કરી રહેલા યોગબાબા સામે કોંગ્રેસે ચૂંટણી પંચનો ફરિયાદ કરીનો આચારસંહિતાના ભંગની કાનૂની કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચને આજે એવી ફરિયાદ કરવામાં આવી હતી કે ચૂંટણીપંચમાં ગુજરાત ખાતે જવાબદારી સંભાળતા ઉપસચિવે મુખ્યમંત્રીની મુલાકાત લીધી ત્યારે કર્મચારી તરીકેની મુલાકાતના બદલે વિશેષ મુલાકાત હોય તે રીતે મુખ્યમંત્રીને પગે લાગ્યા હતા.

મુખ્યમંત્રીનો અંગત સંબંધોને લીધે પગે લાગે તે સમજી શકાય પણ જયારે ચૂંટણી આયોગમાં ઉપસચિવ તરીકેની જવાબદારી સંભાળતા હોય ત્યારે તોમનું આ પગલું ચૂંટણી પ્રતિક્રિયામાં ક્યાંય બાધરૂપ બને તે સ્વાભાવિક છે. આ બાબતને ગંભીરતાથી લેવા વિનંતી કરવામાં આવી છે. આ ઉપરાંત કોંગ્રેસે યોગગુરુ બાબા રામદેવનું નામ લીધા વિના એવી ફરિયાદ કરી છે કે બાબાઓ અને સાધુઓ ધાર્મિક સત્સંગના નામે કાર્યક્રમો કરીને ગુજરાતની ધર્મપ્રેમી પ્રજાને તેમાં બોલાવી ધાર્મિક પ્રવચનોની સાથે રાજકીય વાતો કરી એક ચોક્કસ પક્ષની તરફેણમાં મતો આપવા અપીલ કરે છે. તેમના પ્રવચનોમાં આડકતરી રીતો મતદારોનો ગુમરાહ કરવાનો પ્રયત્ન થાય છે. આવા બાબાઓ સામે આચારસંહિતા ભંગની કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે.


### પત્રકારની ટીકા સહન નહીં થતાં ગાંધીનગરમાં વૃક્ષો વવડાવી દીધાં

# મોહક વ્યક્તિત્વ અને શાંત -કૃતિ હિતેન્દ્ર દેસાઇ લોકપ્રિય મુખ્યમંત્રી

## મફત કન્યા કેળવણીનો નિર્ણય લેનારા પહેલ વહેલા રાજનેતા ધારાસભ્યની રજૂઆત તેઓ સમય આપીને ધ્યાનથી સાંભળતા

॥ પાંચમો મણકો ॥


ત્રીજી વિધાનસભાની રચના તા.૧લી માર્ચ-૧૯૬૭ના રોજ કરવામાં આવી હતી. આ વિધાનસભામાં ૧૬૮ સભ્યસંખ્યા હતી. હિતેન્દ્ર દેસાઇ સામાન્ય ચૂંટણી બાદ ૪થી માર્ચ-૧૯૬૭ના રોજ પુનઃ મુખ્યમંત્રી તરીકે ચૂંટાયા હતા. તેઓના મંત્રીમંડળમાં નવ મંત્રીઓ, છ નાયબ મંત્રીઓ, તથા બે સંસદીય સચિવો હતા.



ત્રીજી વિધાનસભામાં ગુજરાત જાહેર સેવા આયોગના પૂર્વ અધ્યક્ષ રાઘવજી લેઉઆ ૧૭મી માર્ચ-૧૯૬૭ના રોજ અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા તથા સૌથી -થમ વખત વિરોધપક્ષમાંથી સ્વતંત્ર પક્ષના વસંત મહેતા ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. ગુજરાતમાં આ એક નવો સંસદીય શિરસ્તો શરૂ થયો હતો અને તેનો યશ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઇને જાય છે.

૧૬૮ સભ્યોની વિધાનસભામાં કોંગ્રેસના ૯૩ અને સ્વતંત્ર પક્ષના ૬૪ સભ્યો હતા. પીએસપીના ત્રણ, જનતા પરિષદના બે જનસંઘના એક, અપક્ષના ચાર અને એક જગ્યા ખાલી હતી. ત્રીજી ગુજરાત વિધાનસભા અત્યાર સુધીની તમામ વિધાનસભાઓ પૈકી શ્રેષ્ઠ વિધાનસભા ગણી શકાય તેવી હતી.

### ગુજરાતની ભૂમિના રાજા



- ગૌતમ પુરોહિત

વિરોધપક્ષના નેતા તરીકે ભાઈલાલ પટેલ હતા. વિપક્ષમાં ભાઇકાકા, એચ.એમ.પટેલ, જયદીપસંહિજી, મનોહરસિંહજી જાડેજા, આર.કે.પટેલ, માર્તંડ શાસ્ત્રી, સનત મહેતા, છબીલદાસ મહેતા, ચીમનભાઇ શુક્લ, વાડીલાલ મહેતા, શિવરાજકુમાર ખાચર, મનુભાઇ પાલખીવાલા વગેરે મહારથીઓ હતા. હિતેન્દ્રભાઇની સરકાર લઘુમતીમાં આવી જતાં ૩૧મી માર્ચ-૧૯૭૧ના રોજ તેઓએ રાજીનામું આપ્યું હતું પરંતુ ૮મી એપ્રિલ-૧૯૭૧ના રોજ ફરીથી બહુમતિ -ાપ્ત કરતાં ૮મી જુલાઇ-૧૯૭૧ના રોજ હિતેન્દ્ર દેસાઇએ પુનઃ મંત્રીમંડળની રચના કરી હતી.

ત્યારબાદ ૧૩મી મે-૧૯૭૧ના રોજ તેઓએ બહુમતિ ગુમાવતા પોતાના મંત્રીમંડળનું રાજીનામુ આપ્યું હતું. ત્રીજી ગુજરાત વિધાનસભાનું વિસર્જન ૧૩મી મે-૧૯૭૧ના રોજ થયું હતું અને રાજયમાં -થમ વખત રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું. ૧૯૬૭ થી ૧૯૭૦ દરમ્યાન વિધાનસભા ગૌરવભરી રીતે ચાલી હતી પરંતુ ૧૯૭૦માં -થમવાર પક્ષપલ્ટાનું દૂષણ શરૂ થયું હતું અને સભ્યોએ એકબીજા પક્ષમાં આવન-જાવન શરૂ કર્યું હતું. આ પરિસ્થિતિના કારણે તેઓ શાસન કરી શક્યા નહીં.

હિતેન્દ્ર દેસાઈ જૂના મુંબઇ રાજયમાં પણ મંત્રી હતા. મહાદ્વિભાષી મુંબઇ રાજયમાંથી ૧૯૬૦માં ગુજરાત રાજયની રચના થતાં તેઓ ગુજરાત રાજયના ડો.જીવરાજ મહેતા મંત્રીમંડળમાં બે વખત અને બળવંતરાય મહેતા મંત્રીમંડળમાં ગૃહમંત્રી રહી ચૂક્યા હતા.તેઓ ૧૯૬૫થી ૧૯૬૭, ૧૯૬૭થી ૧૯૭૧ના સમયગાળા દરમ્યાન ગુજરાતના મુખ્યમંત્રી પદે રહ્યાં હતા.

હિતેન્દ્રભાઇનું વ્યક્તિત્વ ખૂબ જ મોહક હતું અને સ્વભાવે તેઓ ખૂબ જ શાંત -કૃતિના હતા. તેઓ ગુજરાતના સૌથી વધુ લોકપ્રિય મુખ્યમંત્રી હતા. તેઓએ મફત કન્યા શિક્ષણ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ભાવનગર યુનિ.ની રચના વગેરે જેવા મહત્વના વહીવટી નિર્ણયો લીધા હતા. આ સરકારમાં કેબિનેટ મંત્રીને એમ્બેસેડર અને નાયબ મંત્રીને ફિયાટ કાર આપવામાં આવતી હતી.

તેઓ જયારે ગૃહમંત્રી હતા ત્યારે પાકિસ્તાનની લડાઇ દરમિયાન તે વખતના વિરોધપક્ષના નેતા ભાઇલાલ પટેલે કચ્છની અમુક જમીનનો પાકિસ્તાને કબજો લઇ લીધો છે તેવો મુદ્દો ઉઠાવતાં હિતેન્દ્રભાઇએ જણાવ્યું હતું કે,"તે જમીન ગુજરાત રાજયનો ભાગ જ નથી. આવો ખોટો મુદ્દો ઉઠાવી ભાઇલાલ પટેલે ગુજરાતની કુસેવા કરી છે". જો કે પાછળથી ગુજરાતની પાસેથી તે ભાગ પાકિસ્તાને લઇ લીધો હતો તેવું સરકારે સ્વીકારવું પડ્યું હતું.

શ્રી હિતેન્દ્રભાઇ બધાને ખૂબ જ શાંતિથી સાંભળતા હતા. -ત્યેક ધારાસભ્યોને તેઓ કાળજીપૂર્વક અને ધ્યાનપૂર્વક સાંભળી નિર્ણયો લેવડાવતા હતા. એમના કાર્યકાળ દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ અમદાવાદની મુલાકાતે આવ્યા હતા. આ સમયગાળામાં રાજયના કર્મચારી મહામંડળે પોતાની માગણીઓ અંગે વારંવાર પત્રોથી રજૂઆતો કરી હતી, પરંતુ મંડળને મળવાનો સમય ફાળવામાં આવતો ન હતો. હિતેન્દ્રભાઇ દેસાઇ રાષ્ટ્રપતિને વિમાની મથકે મળવા જઇ રહ્યા હતા ત્યારે કર્મચારી આગેવાનો તેઓને ઘેરી વળ્યા હતા. કર્મચારીઓની બાબતની ગંભીરતાને જોઇને તેઓએ બે-પાંચ મિનિટ ઉભા રહીને પણ કર્મચારીઓને સાંભળ્યા હતા અને -ૈને તાત્કાલિક હલ કરવાની ખાતરી આપી હતી.

હિતેન્દ્ર દેસાઇની સંવેદનશીલતાનો એક -સંગ ટાંકવા જેવો છે. ૧૯૬૯માં ઈન્દિરા ગાંધીથી અલગ થઈને એમ. નિજિલંગિપ્પાની આગેવાની હેઠળ એક જૂથે અલગ કોંગ્રેસની રચના કરી હતી. આ વખતે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કારોબારીનું -થમ અધિવેશન ગાંધીનગરમાં મળ્યું હતું. આ અધિવેશનમાં ભાગ લેવા માટે નવી દિલ્હીથી દિલીપ મુખરજી અને નિહાલસિંગ જેવા પત્રકારો ગાંધીનગરમાં આવ્યા હતાં અધિવેશનનો શમિયાણો બંધાયો હતો.

એ વખતે ગુજરાતમાં હિતેન્દ્ર દેસાઇની સરકાર હતી. તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં ગાંધીનગરની ભૂમિનો ખ્યાલ આપ્યો ત્યારે દિલ્હીથી આવેલા એક પત્રકારે હળવી કોમેન્ટમાં મખ્ય-ધાનને એમ કહ્યુ કે શું આ ગુજરાતનું પાટનગર છે ? અહીં રસ્તાના ઠેકાણાં નથી. વાહન વ્યવહારની કોઇ સગવડ નથી. અમને તો આ નગર ગર્દાબાદ લાગે છે. ગર્દાબાદ એટલે કે આંધીનગર. ગાંધીનગરને આ લોકોએ ધૂળીયાનગરની ઉપમા આપી હતી. આ સાંભળી મુખ્ય-ધાન નર્વસ થઇ ગયા.પત્રકારને ટીકાનો જવાબ ન આપી શક્યા પણ તેમણે આ ઉપમાને ઘણી ગંભીરતાથી લીધી. અધિવેશન પતી ગયું. બધાં પોતાના ઠેકાણે ગયા પણ મુખ્ય-ધાને અધિકારીને બોલાવી તાબડતોબ સૂચના આપી.

આંધીનગરની છાપ ભૂંસવા માટે તેમણે ઢગલાબંધ વૃક્ષો રોપવાનો -ોજેક્ટ બનાવ્યો. જયાં જૂઓ ત્યાં વૃક્ષો રોપવાનું શરૂ થઈ ગયું. હિતેન્દ્ર દેસાઇની સરકારમાં બાબુભાઇ જ. પટેલ જાહેર બાંધકામ ખાતાના -ધાન હતાં. તેમણે ગાંધીનગરને હરિયાળું બનાવવામાં ખૂબ મહેનત કરી હતી. આજે આ નગરને ગ્રીનસીટીનો અદ્ભૂત દરજ્જો મળ્યો છે તે આ સમયના વૃક્ષોને આભારી છે. **(ક્રમશઃ)**